## જિંદાદિલ ફારૂકની લડત તો પૂરી થઈ ગઈ પરંતુ સમાજની જરૂરિયાત તો ચાલુ જ રહેશે.....

આનંદ અને ઉત્સાહની પળોથી માંડીને અસહ્ય દર્દ અને વેદનાથી ભરેલી મિશ્ર લાગણીઓ સાથે ૧૧ વર્ષ સુધી સતત લડીને નવેમ્બર ૨૦૧૭ માં ફારૂકે આ દુનિયા છોડી દીધી.



ફારૂક માત્ર ૨૧ વર્ષના હતા ત્યારે કિડનીનુ કાર્ય મંદ પડતુ જતુ હોવાનુ નિદાન થયુ હતુ અને ૨૩ વર્ષની નાની વયે તેમને ડાયાલિસીસની સારવાર શરૂ કરવામાં આવી કારણ કે ફારૂકની બન્ને કિડનીએ કામ કરવાનુ સંપૂર્ણ બંધ કરી દીધુ હતુ. ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા ચલાવવામાં આવતા 'સેવ અ લાઈફ' કાર્યક્રમ અંર્તગત ફારૂકને હિમોડાયાલિસીસ માટે સતત આર્થિક સહાય કરવામાં આવી હતી.

અમે દરરોજ ફારૂક જેવા ઘણા દર્દીઓને મળીએ છીએ અને સાથે સાથે આ આપત્તિજનક બિમારીની રોજબરોજની તકલીફોમાં સપડાયેલા પરિવારોને પણ....

અમને આશા છે કે સમાજને કિડનીના રોગો વિષે જાગૃત કરવાનુ, દર્દીઓને સુશિક્ષિત કરવાનુ, દર્દીઓના પુનઃર્વસન માટે કામ કરવાનુ, સારવાર માટે આર્થિક સહાય કરવાનુ અને કેડેવરિક અંગદાન વિષે સમાજમાં જાગૃતિ લાવવાનુ સંસ્થાનુ ધ્યેય ચોકકસપણે આ રોગને અટકાવવામાં મદદ કરશે અને ઘણા બધા ફારૂક જેવા દર્દીઓ અને તેમના પરિવારોને પણ.... જેના માટે અમને આપના જેવા ઉદાર દાતાઓની જરૂર છે.

### નીચેના ટેબલમાં વિવિધ વિકલ્પો તેના ખર્ચ સાથે દર્શાવવામાં આવ્યા છે. જેના માટે દાન કરવા આપને નમ્ર વિનંતી.

| ક્રમ | વિગત | દાનની રકમ |
|---|---|---|
| ૧ | એક ડાયાલિસીસ કીટ | રૂ. ૧,૦૦૦ |
| ૨ | એક ટ્રાન્સપ્લાન્ટ દર્દીનો મહિનાનો ખર્ચ | રૂ. ૧૫,૦૦૦ |
| ૩ | એક કિડની જાગૃતિ કાર્યક્રમ | રૂ. ૩,૦૦૦ |
| ૪ | એક પ્રેરણા કાર્યક્રમનો ખર્ચ | રૂ. ૫,૦૦૦ |
| ૫ | વિવિધ માહિતી પત્રિકાઓ / પુસ્તિકાઓ છપાવવા માટે નો ખર્ચ (દાતાનુ નામ સ્પોન્સર તરીકે લખવામાં આવશે) | કોઈપણ રકમ |

***You don't have to be a doctor to save lives...***

Oasis નો આ અંક સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. ના સહયોગથી પ્રકાશિત થયો છે.

iRf
ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન
A-1010, ઈન્ફીનિટી, ઓડા ગાર્ડનની પાસે, ઓફ. કોર્પોરેટ રોડ, પ્રહલાદનગર–૩૮૦૦૧૫. ફોન– ૦૭૯ ૪૦૦૨ ૭૮૮૪
વડોદરા: ૯૨૨૭૧–૦૧૭૬૨ • સુરત: ૯૨૨૭૯–૨૧૦૬૧ • રાજકોટ: ૯૨૨૭૨– ૫૧૫૮૫ • મહેસાણા: ૮૫૧૧૧૧૪૨૫૬ • ભાવનગર: ૮૫૧૧૧૧૪૨૫૭ • ભૂજ : ૮૫૧૧૧૧૪૮૨૨૮
e-mail: irf@indiarenalfoundation.org visit us at: www.indiarenalfoundation.org

All contributions to India Renal Foundation are 50% tax exempt u/s 80G



iRf

# Oasis

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનુ ત્રિમાસિક મુખપત્ર
અંક ૬૩: ઓકટોબર – ડિસેમ્બર ૨૦૧૭

## તંત્રીસ્થાનેથી . . .

વ્હાલા મિત્રો,

આપણા સૌ માટે ખૂબ જ આનંદ અને ગૌરવની વાત છે કે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશને જાન્યુઆરી ૨૦૧૮ માં એના કાર્યકાળના ૧૭ માં વર્ષમાં પ્રવેશ કર્યો. કોઈ સ્વૈચ્છિક સંસ્થા માટે આ ખરેખર સરાહનીય છે.

આપ સૌ જાણો છો તેમ છેલ્લા ૧૬ વર્ષમાં સંસ્થાએ ગુજરાત રાજયમાં અલગ અલગ જગ્યાએ ચેપ્ટરની રચના કરીને સંસ્થાની પ્રવૃત્તિઓનો રાજયભરમાં ફેલાવો કર્યો છે. અમારી પ્રવૃત્તિઓને વેગવંતી બનાવાવામાં સેંકડો જાગૃત અને સેવાભાવી નાગરિકોએ મહત્વનુ યોગદાન આપ્યુ છે જેમાં ચેન્નાઈ સ્થિત શ્રી દોરાઈ સ્વામી જેવા દાનવીરોએ આ સમાજઉપયોગી પ્રવૃત્તિની પ્રશંસા કરીને નિયમિત સમયાંતરે આર્થિક સહયોગ પણ આપ્યો છે. છેલ્લા ૧૬ વર્ષમાં સંસ્થાએ ઘણી સંતોષજનક અને પ્રેરણાદાયી પળો જોઈ છે જેને વાગોળતા અમને આનંદ થાય છે.

આ ત્રિમાસિક ગાળા દરમિયાન કરવામાં આવેલી પ્રવૃત્તિઓની વાત કરીએ તો સંસ્થા દ્વારા ગુજરાત રાજયમાં કુલ ૧૪૩ લોકજાગૃતિ કાર્યક્રમો કિડની રોગોને અટકાવવા માટે કરવામાં આવ્યા. આ ઉપરાંત, કિડની રોગનુ વહેલુ નિદાન કરવાના હેતુથી અમે રોગના પ્રાથમિક લક્ષણો ચકાસવા નિદાન કેમ્પનુ પણ સાથે જ આયોજન કરવા વિચારી રહયા છીએ.

વિસનગરના એક જરૂરિયાતમંદ દર્દીને સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા સેવ અ લાઈફ કાર્યક્રમ હેઠળ કિડની પ્રત્યારોપણ ઓપરેશન માટે મદદ કરીને સંસ્થાએ એક નોંધપાત્ર સિધ્ધિ હાંસલ કરી છે. શ્રી ધર્મેશ પટેલ નામના એક જુવાન દર્દીની કિડની કામ કરતી બંધ થઈ ગઈ હતી. તેમના માતૃશ્રીએ કિડનીનુ દાન કર્યુ હતુ અને સંસ્થાએ ઓપરેશન માટે જરૂરી સહાય પૂરી પાડી હતી.

દર્દી અને તેમના પરિવારજનો સાથેના સતત સંપર્કમાં રહેવાથી અમને એવો ખ્યાલ આવે છે કે મોટાભાગનાં લોકોને કિડનીની તકલીફો વિષે માહિતી છે પરંતુ તેઓ આ રોગની ગંભીરતાને સમજતા નથી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અમે પેશન્ટ એજયુકેશન કાર્યક્રમ શરૂ કરવાનું વિચારી રહયા છીએ. અમને આશા છે કે આ કાર્યક્રમ થકી દર્દીઓને પ્રાંરભિક લક્ષણો દેખાતા જ રોગની ગંભીરતા સમજાશે.

દર્દીઓને વધુને વધુ સારી ગુણવત્તાવાળી હિમોડાયાલિસીસની સારવાર તેમજ અન્ય સારવારો મળી રહી તે અમારી સ્વૈચ્છિક પ્રતિબધ્ધતા છે અને તેના ભાગરૂપે તરીખ ૧૯ નવેમ્બરના રોજ સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના તમામ ટેકનિશિયન અને નર્સ માટે એક રિફ્રેશર વર્કશોપનુ આયોજન રાજકોટ ખાતે કરવામાં આવ્યુ હતુ. રાજકોટ અને જામનગર શહેરના આગેવાન નેફ્રોલોજીસ્ટ ડોકટરોએ તેમના જ્ઞાન અને અનુભવોને સહભાગીઓ સાથે વહેંચીને તેઓને વધુ સારી હિમોડાયાલિસીસની સારવાર અને વધુ કાર્યક્ષમ સેવાઓ આપવા માટે સક્ષમ બનાવ્યા હતા.

સંસ્થાના વડોદરા ખાતેના સલાહકાર સમિતિના સભ્ય શ્રી રોહિતભાઈ પરીખ દ્વારા કરવામાં આવેલ એક નવી પહેલની હું અહીં ખાસ નોંધ લેવા માગુ છું. તેમણે તેમના ટીમના સભ્યો સાથે મળીને વડોદરા શહેરના એક વડીલ વૃંદ માટે સંગીતના કાર્યક્રમનુ આયોજન કરીને રૂ. ૩૦,૦૦૦ નું દાન જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓ માટે એકઠુ કર્યુ હતુ. શ્રી રોહિતભાઈ અને તેમની ટીમને આટલી સુંદર કામગીરી બદલ બિરદાવુ છુ.

આ ત્રિમાસિક સમયમાં સંસ્થાના શુભેચ્છકો તરફથી નીચે મુજબનુ દાન પ્રાપ્ત થયુ છે.

| | |
|---|---|
| કેડિલા ફાર્માસ્યુટિકલ લિમિટેડ, અમદાવાદ | રૂ. ૨,૫૦,૦૦૦ |
| શિલ્પ ગ્રેવર્સ લિમિટેડ, અમદાવાદ | રૂ. ૨,૦૦,૦૦૦ |
| મેઘમણી ઓર્ગેનિકસ લિમિટેડ, અમદાવાદ | રૂ. ૨,૦૦,૦૦૦ |
| શ્રીમતી ફાલ્ગુનીબેન પટેલ, વડોદરા | રૂ. ૨,૦૦,૦૦૦ |
| નિરમા લિમિટેડ, અમદાવાદ | રૂ. ૧,૫૧,૦૦૦ |
| શ્રીમતી રૂપાલીબેન હેમલભાઈ સોની, સુરત | રૂ. ૧,૦૦,૦૦૦ |
| લાયન્સ કલબ ઓફ સંવેદના, અમદાવાદ (શ્રી રશ્મિકાંતભાઈ શાહ) | રૂ. ૯૬,૦૦૦ |

**શુભેચ્છાઓ સહ,**

**ચીનુભાઈ આર. શાહ**
**ચેરમેન**

**સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો**

અમદાવાદ
૧. શ્રીમતી પ્રિતી અદાણી
૨. પદ્મશ્રી ડો. કુમારપાલ દેસાઈ
૩. શ્રી ત્રિલોકભાઈ પરીખ
૪. શ્રી રમેશભાઈ ઓ. પરીખ
૫. શ્રી રશ્મિકાન્તભાઈ શાહ
૬. શ્રીમતી રેખા ચોના
૭. શ્રી હેમંત શાહ
૮. શ્રીમતી જયશ્રીબેન મહેતા
૯. શ્રી શુભાંગ શાહ
૧૦. શ્રી નિલેશ દેસાઈ
૧૧. શ્રી ભરતભાઈ મોદી
૧૨. શ્રી રમેશભાઈ પટેલ

વડોદરા
૧. રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ
૨. શ્રી જી.ડી. જલાણી
૩. શ્રી કરણ ગ્રોવર
૪. શ્રી મહેશ શાહ
૫. શ્રી જાલ પટેલ
૬. શ્રી યોગેશ વેલાણી
૭. શ્રી મધુ મહેતા
૮. શ્રી કુંજલ પટેલ
૯. શ્રી રોહિત પરીખ

સુરત
૧. શ્રી શરદ કાપડિયા
૨. શ્રી આઈ.જે. દેસાઈ
૩. શ્રી રજનીકાંત કે. મારફયિતા
૪. શ્રી રાજેન્દ્ર ચોખાવાળા
૫. ડો. મીના માંડલેવાલા.
૬. ડો. પ્રફુલ શિરોયા.
૭. શ્રી ભરતભાઈ શાહ
૮. શ્રી રોહિત મહેતા
૯. શ્રી કમલેશ યાજ્ઞિક
૧૦. શ્રી પ્રદિપ કલકતાવાલા
૧૧. શ્રી જીતેન્દ્ર દાલીયા
૧૨. શ્રી ધિરેન થરનારી
૧૩. ડો. પ્રદિપ અટોદરીયા

## ગ્લોમેરૂલોનેફ્રાઈટીસ

ક્રોનિક કિડની રોગ તેની ખૂબ જ ખર્ચાળ સારવારના કારણે એક વૈશ્વિક બોજ છે અને સાથે સાથે હૃદયરોગથી થતા મૃત્યુ માટે સ્વતંત્ર રીતે જવાબદાર જોખમી પરિબળ પણ છે. ૧૩ થી ૨૦% ક્રોનિક કિડની રોગ ગ્લોમેરૂલોનેફ્રાઈટીસના કારણે થાય છે.

### ગ્લોમેરૂલોનેફ્રાઈટીસ શુ છે ?

ગ્લોમેરૂલોનેફ્રાઈટીસ એટલે ગ્લોમેરૂલાઈ પર સોજો. જે કિડનીમા આવેલા ગ્લોમેરૂલાઈને ખરાબ કરે છે. ગ્લોમેરૂલાઈ જે લોહીને ગાળવાનુ (Filter) કામ કરે છે.

જયારે આ ગળણીઆને (Filter) નુકસાન થાય છે ત્યારે અલગ અલગ પ્રકારના લક્ષણો જોવા મળે છે જેમ કે તેના બંધારણને નુકસાન થાય તો પેશાબમાં લોહી નીકળે (Hematuria) છે અથવા પેશાબમાં પ્રોટીન (Proteinuria) નીકળે છે. જો આ ગળણીઓમાં સોજો હોય તો લોહીને ગાળવાની કાર્યક્ષમતા ઓછી થઈ જાય છે પરિણામે કિડનીની કાર્યક્ષમતા ઓછી થઈ જાય જેને કિડની ફેઈલ્યોર કહેવાય.

**આ સોજાથી જોવા મળતા સામાન્ય લક્ષણો આ રોગની તીવ્રતા બતાવે છે.**

- **અક્યુટ ગ્લોમેરૂલોનેફ્રાઈટી :** ઘણા ખરા અક્યુટ રોગ સ્વમર્યાદિત છે જેમા ગ્લોમેરૂલાઈ અમુક અઠવાડિયાઓ કે મહિનાઓમાં કોઈપણ પ્રકારની સારવાર વગર કામ કરવાનુ ચાલુ કરી દે છે.
- **ક્રોનિક પ્રોગ્રેસિવ રોગ:** તેમાં સોજા ધીમે ધીમે વધીને દેખીતા ક્લિનીક લક્ષણો વર્ષો પછી આવે છે અને જો શરૂઆતના તબકકામાં નિદાન ના થાય તો ક્રોનિક કિડની રોગ થઈ શકે છે.
- **ખૂબ જ ઝડપથી વધતો ગ્લોમેરૂલોનેફ્રાઈટીસ:** આ સૌથી ગંભીર પ્રકારનો નેફ્રાઈટીસ છે જો આને ત્વરિત સારવાર ના મળે તો કિડની અમૂક અઠવાડિયામાં જ કામ કરવાનુ બંધ કરી દે છે.

### લક્ષણો

૧. સવારે મોઢા પર સોજા આવવા

૨. પેશાબમાં લોહી આવવું / કોઈપણ દર્દ વગર લાલ અથવા તો કોલા કલરનો પેશાબ થવો

૩. સામાન્ય કરતા ઓછો પેશાબ થવો

અક્યુટ ગ્લોમેરૂલોનેફ્રાઈટીસમાં ફેંફસામાં પાણી ભરાવાના કારણે કદાચ ઉધરસ અને શ્વાસ લેવામાં તકલીફ પડવી જેવા ચિન્હો જોવા મળી શકે અને તેના કારણે લોહીનુ દબાણ પણ વધી શકે (હાઈપરટેન્શન)

**આ રોગનો ક્રોનિક પ્રકાર કોઈપણ લક્ષણ વગર ઘણા વર્ષો સુધી આગળ વધી શકે જેના કારણે કિડની ખરાબ થઈ શકે જેના પ્રારંભિક લક્ષણો નીચે મુજબ છે.**

૧. પેશાબમાં લોહી કે પ્રોટીન આવ્યુ

૨. હાઈ બ્લડપ્રેસર.

૩. પગની ઘૂંટી પર સોજા.

૪. રાત્રે વારંવાર પેશાબ કરવા જવુ પડે.

૫. પેશાબમાં ફીણ વળવુ.

સ્થાનિક સલાહકાર
સમિતિના સભ્યો

રાજકોટ

૧. શ્રી રમેશભાઈ પટેલ
૨. શ્રી ચંદુભાઈ વિરાણી
૩. શ્રી હરેશભાઈ વોરા
૪. શ્રી શંભુભાઈ પરસાણા
૫. ડો. સુધીર ભીમાણી
૬. ડો. કમલેશ જોષીપુરા
૭. શ્રી કિશોરભાઈ કોટક
૮. શ્રી મિત્તલ ખેતાણી
૯. શ્રી રજનીભાઈ પટેલ



## આ ત્રિમાસિક ગાળા દરમિયાન મળેલ દાનની વિગતો

### મુખ્ય દાતાશ્રીઓ

| | |
|---|---|
| કેડિલા ફાર્માસ્યુટિકલ લિમિટેડ, અમદાવાદ | રૂ. ૨,૫૦,૦૦૦ |
| શિલ્પ ગ્રેવર્સ લિમિટેડ, અમદાવાદ | રૂ. ૨,૦૦,૦૦૦ |
| મેઘમણી ઓર્ગેનિક લિમિટેડ, અમદાવાદ | રૂ. ૨,૦૦,૦૦૦ |
| શ્રીમતી ફાલ્ગુનીબેન પટેલ, વડોદરા | રૂ. ૨,૦૦,૦૦૦ |
| નિરમા લિમિટેડ, અમદાવાદ | રૂ. ૧,૫૧,૦૦૦ |
| શ્રીમતી રૂપાલીબેન હેમલભાઈ સોની, સુરત | રૂ. ૧,૦૦,૦૦૦ |

### અન્ય દાતાશ્રીઓ

| | |
|---|---|
| મારૂતિ એગ્રોટેક, રાજકોટ | રૂ. ૩૯,૧૦૦ |
| નવનીત ફાઉન્ડેશન, અમદાવાદ | રૂ. ૨૦,૦૦૦ |
| શ્રી રમેન્દ્રભાઈ પરીખ, અમદાવાદ | રૂ. ૧૫,૦૦૦ |
| આદિત્ય ઈકિવપમેન્ટ પ્રા. લિ., અમદાવાદ | રૂ. ૧૧,૦૦૦ |
| શ્રી બી. એસ. દોરાઈસ્વામી, ચેન્નાઈ | રૂ. ૧૦,૦૦૦ |
| એકસપર્ટ ઈન્ડિયા કોર્પોરેશન, રાજકોટ | રૂ. ૫,૦૦૦ |

### Save a life (Sponsoring Renal Treatment) કાર્યક્રમના દાતાશ્રીઓ

| | |
|---|---|
| **અમદાવાદ** | |
| લાયન્સ કલબ ઓફ સંવેદના, અમદાવાદ | રૂ. ૯૬,૦૦૦ |
| **વડોદરા** | |
| શ્રી મહેશભાઈ શાહ (આલ્ફા ફાઉન્ડેશન) | રૂ. ૧૮,૫૯૦ |
| શ્રી મહેન્દ્રભાઈ શાહ | રૂ. ૧,૧૧૧ |
| શ્રી સુભાષભાઈ મહેતા | રૂ. ૧,૦૦૧ |
| શ્રી ઉપેન્દ્રભાઈ આર. શેઠ | રૂ. ૧,૦૦૧ |
| શ્રી વસુદેવભાઈ મહેતા | રૂ. ૧,૦૦૧ |
| શ્રી કાન્તિભાઈ શાહ | રૂ. ૧,૦૦૧ |
| શ્રીમતી નયનાબેન સુભાષભાઈ શાહ | રૂ. ૫૦૧ |
| શ્રી સુમનભાઈ પ્રજાપતિ | રૂ. ૫૦૦ |
| **સુરત** | |
| ગીલોન ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ. | રૂ. ૧૫,૦૦૦ |
| શ્રી સમીર કૌશિકભાઈ દેસાઈ | રૂ. ૫,૪૦૦ |
| શ્રી નિલેષ કે. મકવાણા | રૂ. ૧,૮૦૦ |

### પ્રેરણા

| | |
|---|---|
| શ્રી રજનીભાઈ પટેલ, રાજકોટ | રૂ. ૨૫,૦૦૦ |
| શ્રી વિનુભાઈ પંચાલ, અમદાવાદ | રૂ. ૨,૦૦૦ |

## Improving quality of life of Renal Patients....

### રાજકોટ ખાતે ડાયાલિસીસ ટેકનિશીયન એન્ડ નર્સ ટ્રેઈનિગ અને રિફ્રેશર વર્કશોપ

હિમોડાયાલિસીસની સારવારમાં ડાયાલિસીસ ટેકનિશીયન અને નર્સની ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. તેઓ હિમોડાયાલિસીસની સારવાર દરમિયાન દર્દીઓની કાળજી લેતા હોય છે.

એક હિમોડાયાલિસીસ ટેકનિશિયન એન્ડ નર્સ રિફ્રેશર વર્કશોપનુ આયોજન સંસ્થા દ્વારા તારીખ ૧૯ નવેમ્બરના રોજ રાજકોટ ખાતે કરવામાં આવ્યુ હતુ. જેમાં રાજકોટ શહેરના નિષ્ણાંત તબીબોએ નીચેના વિષયો પર માહિતીસભર વકતવ્યો આપ્યા હતા અને ડાયાલિસીસ ટેકનિશીયનને મૂંઝવતા પ્રશ્નોના જવાબ આપ્યા હતા. આ વર્કશોપમાં કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારના ૯૨ ટેકનિશિયન અને નર્સ જોડાયા હતા.

ડો. ઘનશ્યામ જાગાણી (સિનિયર નેફ્રોલોજીસ્ટ) દ્વારા કાર્યક્રમની ઝાંખી આપવામાં આવી

| | |
|---|---|
| ડો. સંજય પંડયા, નેફ્રોલોજીસ્ટ | (Diet and Errors in Haemodialysis Treatment) |
| ડો. દિવ્યેશ વિરોજા, નેફ્રોલોજીસ્ટ | (Dos and Don'ts in Water Treatment) |
| ડો. પ્રફુલ ગજ્જર, નેફ્રોલોજીસ્ટ | (Complications in Haemodialysis and Management) |
| ડો. મયૂર મકાસણા, નેફ્રોલોજીસ્ટ | (Recent Advances in Haemodialysis and Monitoring of Haemodialysis patients) |

કાર્યક્રમમાં ઉપસ્થિત તબીબોનો અમે આભાર માનીએ છીએ.

આ કાર્યક્રમને સ્પોન્સર કરવા બદલ અમે શ્રી વિશાલ પટેલ (મારૂતિ એગ્રોટેક) નો પણ આભાર માનીએ છીએ.



શ્રોતાઓને સંબોધતા ડો. ઘનશ્યામભાઈ જાગાણી



ટેકનિશિયન મિત્રો



**ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા ડાયાલીસીસ કરતા ટેકનીશીયનો માટે વર્કશોપ યોજાયો**

રાજકોટ

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા હોસ્પિટલમાં દર્દીઓનું ડાયાલીસીસ કરતા ટેકનીશીયનો માટે માહિતી શિબિર દર્દીઓને ડાયાલીસીસ સમયે કઈ તકલીફોનો સામનો કરવો પડતો હોય છે. તેને ધ્યાનમાં રાખી તાજેતરમાં રાજકોટના સીનીયર નેફ્રોલોજીસ્ટ ડો. ઘનશ્યામ જાગાણીના અધ્યક્ષ સ્થાને આયોજન કરાયું હતુ.

જેમાં રાજકોટ તથા જામનગરના જાણીતા નેફ્રોલોજીસ્ટ ડાહ. સંજય પનંડ્યા, ડો. દિવ્યેશ વિરોજા, ડો. પ્રફુલ ગજ્જર, ડો. મિતેન મહેતા અને ડો.મયુર મકાસણા દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છના ડાયાલીસીસટેકનીશીયનોને માર્ગદન અપાયું હતુ.

આ તકે ડો. સંજય પંડ્યાએ ડાયેટએન્ડર એરર ઈન હીમોડાયાલીસીસ ટ્રીટમેન્ટ વિષય પર ડો. દિવ્યેશ વિરોજાએ ડુ એન્ડ ડોન્ટસ ઈન વોટર ટ્રીટમેન્ટ વિષય પર, ડો. પ્રફુલ ગજ્જરે કોમ્લીકેશન ઈન હીમોડાયાલીસીસ એન્ડ ઈટસ મેનેજમેન્ટ વિષય પર ડો. મિતને મહેતાએ મોનીટરીંગ એન્ડ હીમોડાયાલીસીસ પેશન્ટ વિષય પર તેમજ ડો. મયુર મકાસણાએ રીસન્ટ એડવાન્સ ઈન હીમોડાયાલીસીસ વિષય પર માર્ગદર્શન આપ્યું હતુ.

આ પ્રસંગે ઈન્ડીયા રીનલ ફાઉન્ડેશન રાજકોટની સલાહકાર સમિતિનાં સભ્યો રમેશભાઈ પટેલ, ચંદુભાઈ વિરાણી, હરેશભાઈ વોરા, શંભુભાઈ પરસાણા, ડો. સુધીર ભીમાણી, ડો. કમલેશ જોષીપુરા, મિતલ ખેતાણી, કિશોરભાઈ કોટક, રજનીભાઈ પટેલ તેમજ પિડીયાટ્રીક નેફ્રોલોજીસ્ટ ડો. મહિપલ ખંડેલવાલની ખાસ ઉપસ્થિતિ રહ્યા હતા.

## કિડની નિષ્ફળતાનો નિર્દેશ કરતા ઘણા લક્ષણો છે જે નીચે મુજબ છે.

૧. ભૂખ ના લાગવી
૨. ઉબકા અને ઉલટી થવી.
૩. રાત્રે ઊંઘ ના આવવી.
૪. ચામડી સૂકી થઈ જવી અને ખંજવાળ આવવી.
૫. રાત્રે સ્નાયુઓ ખેંચાવવા

**જો આમાંના કોઈપણ લક્ષણો દેખાય તો આપના ડોકટરની અવશ્ય મુલાકાત લો.**

### આ રોગ પાછળના જવાબદાર કારણો

અકયુટ રોગ ચેપના (infection) કારણે થાય છે જે ગળામાં, ચામડી પર કે વાઈરલ હોઈ શકે. બીજા કારણોમાં લુપસ (lupus) નામનો કોલેજન વાસ્કયુલર રોગ અથવા તો વાસ્કયુલિટીઝ (Vasculitis) જેવા કે ગુડપાસ્ચર્સ સિન્ડ્રોમ, વેગનર્સ ડિસીઝ, પોલીઆર્ટરાઈટીસ નોડોઝા અને દવાઓ વગેરેનો નો સમાવેશ થાય છે.

ક્રોનિક રોગ વારસાગત હોય છે તેની શરૂઆત જુવાન વયે માણસની આંખની દ્રષ્ટ્રિમાં થતી તકલીફથી થાય છે. આ ઉપરાંત રોગપ્રતિકારક શકિતમાં થતા ફેરફારોને કારણે પણ આ રોગ જોવા મળે છે તેમજ ઘણા બધા લોકોમાં આ રોગનુ કારણ જાણી શકાયુ નથી.

### આ રોગને કેવી રીતે અટકાવી શકાય?

સ્વચ્છતા જાળવીને, સલામત જાતીય સબંધો તેમજ ઈન્ટ્રાવિનસ દવાઓથી દૂર રહીએ તો HIV અને હિપેટાઈટીસ જેવા વાઈરલ ચેપથી બચી શકાય.

જો ક્રોનિક રોગ હોય તો લોહીનુ દબાણ નિયંત્રણમાં રાખવુ ખૂબ જ જરૂરી છે જેથી કિડનીને નુકસાન થતુ અટકાવી જમવામાં પ્રોટીનનુ પ્રમાણ ઓછુ કરીએ તો પણ મદદરૂપ રહેશે. કિડનીના ડાયાટિશિયનની સલાહ લેવી પણ એટલી જ અગત્યની છે.

### ઉપલબ્ધ સારવાર

### ખોરકમાં પરેજી

– મીઠુ અને પ્રવાહીનુ નિયંત્રણ
– ફળો, ફળોના રસ, નાળિયેર પાણી તેમજ સૂકો મેવા વગેરેનો ઉપયોગ ટાળો.
– પ્રોટીનની પરેજી નોન વેજીટેરીયન ખોરક, કઠોળ તેમજ દાળનો ઉપયોગ ઘટાડો.

અકયુટ રોગ તેની જાતે જ મટી શકે

* બેકટેરીયલ ઈન્ફેકશન માટે એન્ટીબાયોટીક
* સોજા માટે ડાયયુરેટીકસ
* લોહીના દબાણના નિયંત્રણ માટે જરૂરી દવાઓ

જો રોગ વધારે પ્રમાણમાં ફેલાયો હોય તો સ્ટીરોઈડ અને ઈમ્યુનોસપ્રેસીવ દવાઓ યોગ્ય સારવાર કહેવાય. ટૂકમાં ગ્લોમેરૂલોનેફ્રાઈટીસ એક મટાડી શકાય તેવો અથવા તો નિયંત્રિત કરી શકાય તેવો રોગ છે જેના કારણે ક્રોનિક કિડની રોગ થઈ શકે. આ એક એવો રોગ છે જેનુ નિદાન નિયમિત હેલ્થ ચેકઅપથી પણ શકે છે. નિયમિત હેલ્થ ચેકઅપ રોગોનુ નિદાન શરૂઆતના તબકકામાં જ કરવામાં મદદ કરે છે જેથી તુરંત જરૂરી પગલા લઈ શકાય.

**ડો. હિમાંશુ પટેલ**
**નેફ્રોલોજીસ્ટ અને ટ્રાન્સપ્લાન્ટ ફિઝિશિયન**
**ઝાયડસ હોસ્પિટલ, અમદાવાદ.**

સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો

મહેસાણા

૧. શ્રી અનિલભાઈ ટી. પટેલ
૨. શ્રી ચંદુભાઈ આઈ. પટેલ
૩. શ્રી અજીતભાઈ ટી. પટેલ
૪. શ્રી શરદભાઈ પી. શાહ
૫. શ્રી સુરેન્દ્રભાઈ બી. પરીખ
૬. ડો. શ્રી મુકેશભાઈ એમ. ચૌધરી
૭. ડો. શ્રી પી.ડી. પટેલ
૮. શ્રી સંદિપભાઈ કે. શેઠ

## કિડની જાગૃતિ કાર્યક્રમો

જયારે અસાધ્ય રોગોની વાત કરતા હોઈએ ત્યારે આ રોગોને થતા અટકાવીએ તે જ એક ઈલાજ છે તેવુ કહી શકાય.

ક્રોનિક કિડની રોગ પણ એક અસાધ્ધ્બય રોગ છે અને તેને થતો અટકાવીએ એ જ એક સારો વિકલ્પ છે કારણ કે કિડની બગડયા પછી જીવનપર્યન્ત ડાયાલિસીસ અને કિડની પ્રત્યારોપણ જેવી મોંઘી સારવાર લેવી પડતી હોય છે.

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન અવિરતપણે કિડનીના રોગો વિષે જાગૃતિ ફેલાવવાનુ કામ કરે છે. દર વર્ષે ૫૦૦ કરતાં પણ વધારે જાગૃતિ કાર્યક્રમનુ આયોજન રાજયભરમાં કરવામાં આવે છે.

આ ત્રિમાસિક ગાળા દરમિયાન યોજાયેલા કાર્યક્રમોની એક ઝલક...


બેંક ઓફ બરોડા, ઝોનલ ઓફીસ, અમદાવાદ


આઈ.ટી.આઈ. મહેસાણા


આઈ.ટી.આઈ. પેટલાદ


પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ઉવારસદ ગામ


રોટરી કલબ ઓફ મોરબી


સિનિયર સિટીઝન કલબ, ઘોડાસર


શ્રી ડી.એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઓફ એજયુકેશન, કડી.


સિંધી સમાજ, ભાવનગર



## Save a life

Sponsoring Renal Treatment


શ્રી ધર્મેશભાઈ પટેલ

વર્ષ ૨૦૦૨ થી સંસ્થા 'સેવ અ લાઈફ' કાર્યક્રમ હેઠળ હિમોડાયાલિસીસ લેતા તેમજ કિડની પ્રત્યારોપણ કરાવેલા દર્દીઓને આર્થિક સહાય કરતી આવી છે. હાલમાં જ આ કાર્યક્રમ હેઠળ સંસ્થાએ એક દર્દીને કિડની પ્રત્યારોપણના ઓપરેશન માટે આર્થિક મદદ કરી.

શ્રી ધર્મેશ પટેલ (ઉમર ૨૯ વર્ષ) વિસનગર શહેરમાં મિનરલ વોટરની બોટલ વિતરણનુ કામ કરી પોતાના પરિવારનુ ગુજરાન ચલાવતા હતા. સપ્ટેમ્બર ૨૦૧૭ માં અચાનક ખૂબ જ થાક, અશકિત અને શ્વાસ ચઢવાની તકલીફ સાથે ડોકટરની મુલાકાત લીધી હતી ત્યારે ખબર પડી કે કિડની ખરાબ થઈ ગઈ છે. તુરંત તેમની હિમોડાયાલિસીસની સારવાર શરૂ કરવામાં આવી અને સાથે સાથે એમના મમ્મીને કિડનીદાન માટે તૈયાર કરવામાં આવ્યા. પરિવારની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી હોવાના કારણે તેમના પરિવારજનોએ અમારી સંસ્થાનો આર્થિક સહયોગ માટે સંપર્ક કર્યો અને સંસ્થાના એક ઉદાર દાતાએ આ ઓપરેશનનો તમામ ખર્ચ ઉઠાવી લીધો. આ ઉપરાંત આ જ દાતાએ દર વર્ષે એક પ્રત્યારોપણના ઓપરેશન ખર્ચ સ્પોન્સર કરવાની ઈચ્છા વ્યકત કરી છે. અમે આ દાતાનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

ધર્મેશભાઈ અને તેમના મમ્મી ઓપરેશન પછી સ્વચ્થ જીવન જીવી રહયા છે. સંસ્થાનો અને દાતાનો આભાર વ્યકત કરતા કહે છે કે આટલી નાની ઉમરમાં આવેલી આટલી મોટી બિમારીએ અમારુ જીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યુ હતુ પરંતુ સંસ્થા દ્વારા આપવામાં આવેલ મદદથી અમે પ્રત્યારોપણ કરાવી શકયા અને નવુ જીવન મળ્યુ.

## પ્રેરણા

પ્રેરણા કિડનીના દર્દીઓ માટે વર્ષ ૨૦૦૨ થી ચલાવવામાં આવતો પુનઃર્વસન કાર્યક્રમ છે. આ કાર્યક્રમનો હેતુ કિડનીના દર્દીઓને શિક્ષિત કરવાનો, માનસિક અને ભાવનાત્મક સ્થિરતા આપવાનો તેમજ દર્દીના જીવનની ગુણવાત્તા સુધારવાનો છે.


મ્યુઝિકલ કાર્યક્રમ, અમદાવાદ



પિકનિક, મહેસાણા